Chapter. 5

પ્રકરણ : ૫

ઉપસંહાર

પ્રકરણ-૫ ઉપસંહાર

દલિત કથાસાહિત્યના વિષયને કેન્દ્રમાં રાખી, મારા અભ્યાસની ગતિવિધિ નિશ્ચિત કરી, એના ઉદ્દેશો, ઉન્મેષો અને પરિણામો સાથે તારણોની નોંધ કરતાં મને વર્ષોથી ચાલી આવતી પરંપરા, એમાં ઓછેવધતે અંશે થતી રહેલી હલચલ અને સમયાંતરે ભારતીય સાહિત્ય અને ગુજરાતી સાહિત્યમાં બદલાતી જતી દલિત વર્ગ પ્રત્યેની વિભાવનાને કારણે અનેક ક્ષિતિજો સાથે કામ પાર પાડવાની તક મળી. આ વિષયનાં ઊંડાણો ઊલેચતાં ક્યારેક જાત સાથે સંવાદ થયો તો ક્યારેક અન્ય વિદ્વાન અભ્યાસીઓ સાથે સંવાદ થયો અને પરિણામે દલિત વર્ગ વિશેની મારી સમજ વધી અને મારી સંવેદનશીલતાએ દલિત વર્ગ સાથે સહાનુકંપા અનુભવી.મારા આ વિષયને મારે બે સ્તરે તપાસવો જ પડે. સામાજિક સંદર્ભો જોયા વગર સાહિત્યિક અભ્યાસ આ વિષયનો ન જ થઈ શકે એની મને ઊંડી પ્રતીતિ થઈ અને એટલે જ 'દલિત' શબ્દ પ્રચલિતપણે વપરાશમાં નહોતો ત્યાર પહેલાંની શોષિત સમાજની દયનીય પરિસ્થિતિથી મેં આરંભ કર્યો.

પ્રથમ પ્રકરણમાં મેં વૈદિકકાળની સમાજવ્યવસ્થા, વેદકાળથી માંડીને આજ સુધીના સમયમાં શૂદ્રોની સ્થિતિ, એ સ્થિતિનાં બદલાતાં જતાં પરિમાણો, એ માટે ભૂમિકા નિભાવનારાં મહત્ત્વના સંતોના પ્રદાન વિશે વાત કરી છે.

પુરુષસૂક્તમાં શૂદ્રોને વિરાટ પુરુષના પગમાંથી નિપજ્યા હોવાનું દર્શાવાયું છે તો વૈદિક સાહિત્યમાં પણ આર્ય અને શૂદ્રોની જે શ્રેણીઓ હતી એ વિશેની ચર્ચાઓ જોવા મળે છે. પ્રાચીનકાળથી શરૂ કરીને આજ સુધીની શૂદ્રોની સ્થિતિ વિશે જુદા-જુદા સંદર્ભોનો આધાર લઈ મારા અભ્યાસને સઘન બનાવવાનો મેં અહીં પ્રયત્ન કર્યો છે.

પ્રાચીન સમયમાં જડ થઈ ગયેલી વર્ણાશ્રમપ્રથા સામે જંગે ચડેલી સંત પરંપરાની ચર્ચા કરવાનું મને ઉચિત લાગ્યું છે. જેમાં બસવેશ્વર, કબીર, રૈદાસ, દાદુ સુન્દરદાસ, દરિયાસાહબ, તુલસીદાસ, રજ્જબ, પલટુ સાહબ, સંત ગુલામ, સંત નામદેવ, ગુરુનાનક, નરસિંહ મહેતા, અખો વગેરેએ ધર્મના મહત્ત્વને સ્વીકારીને પોતાના સશક્ત વ્યક્તિત્વ અને લેખનકાર્ય દ્વારા ઊંચનીચનો અને સામાજિક વિષમતાનો વિરોધ કર્યો છે. આ સંતોએ પોતાની વાણી દ્વારા માનવસમાનતાની વાત ક્યાંક વિનમ્રતાથી તો ક્યાંક આક્રોશથી રજૂ કરી છે. સમાજમાં માત્ર એક જ જાતિ છે અને તે મનુષ્ય જાતિ છે નો નારો લગાવીને માનવતાનું મૂલ્ય આંકવાના એમણે પ્રયાસ કર્યા છે. મનુષ્યની ઓળખ જાતિને આધારે નહીં પણ તેના કર્મ અને ગુણને આધારે કરવી એમ જાહેર કર્યું હતું. અંતે એટલું કહી શકાય કે આઝાદી પહેલાં સમાજમાં પ્રવર્તમાન અસ્પૃશ્યતાનું પ્રમાણ જ્યોતિબા ફૂલે, ગાંધીજી અને ડૉ.બાબાસાહેબ આંબેડકર

જેવાની પ્રબળ વિચારધારાના આક્રમણ પછી ચોક્કસપણે ઘટેલું જોવા મળે છે. આજે મંદિર, શાળા-કૉલેજ, હોસ્પિટલ, હોટલ, બગીચા જેવા જાહેર સ્થળોએ પહેલાં જેવું વાતાવરણ નથી જ. અસ્પૃશ્યતાનો વ્યવહાર સ્પર્શાસ્પર્શથી જરૂર ઓછો થયો છે છતાં માનસિક સ્તરે અસ્પૃશ્યતા આજે પણ પ્રવર્તમાન છે. જનમાનસમાં વર્ષોથી ઘર કરી ગયેલી આ અનિષ્ટ લાગણી ઘણા પ્રયત્નો છતાં કંઈક અંશે અકબંધ રહેલી જોવા મળે છે.

બીજા પ્રકરણને આઠ ખંડમાં વિભાજિત કરેલ છે. જેના પ્રથમ ખંડમાં 'દલિત' સંજ્ઞાના વિવિધ કોશગત અર્થો દર્શાવેલ છે. જેમાં વિવિધ શબ્દકોશમાંથી ઉપલબ્ધ થતા અર્થોની ચર્ચા કરી છે. જેમાંથી 'દલિત'નો અર્થ અનુસૂચિત જાતિમાં જન્મેલ હોય તે મેં સ્વીકાર્યો છે.

'દલિત' સંજ્ઞાની ભારતીય ભાષાઓમાં થયેલી વ્યાખ્યાઓનો અભ્યાસ કરતાં મને જણાયું કે એમાંના કેટલાકે તો કોઈ પણ જ્ઞાતિની વ્યક્તિનું કોઈ પણ પ્રકારે શોષણ થતું હોય તેને દલિત તરીકે ઓળખાવી છે. આ વ્યાપક અર્થ ધરાવનારો નાનો વર્ગ છે પરંતુ 'દલિત' શબ્દ કાને પડતાં જ એક ચોક્કસ સમુદાય નજર સમક્ષ ખડો થાય છે એ વાત પણ માનવી પડે. આ કારણે હું એવા તારણ પર પહોંચ્યો છું કે 'દલિત' શબ્દનો અર્થવિસ્તાર કરી અનેક નવાં પરિમાણો આપવાના પ્રયત્નો થયા પરંતુ પ્રજાનું માનસ જે વર્ગને હડધૂત કરતું આવ્યું છે તેમાં વ્યવહારની દૃષ્ટિએ પણ ઝાઝો ફેર પડેલો જણાતો નથી. વર્ણવ્યવસ્થા આજે તૂટી છે અને કાયદાકીય રીતે ઘણા પરિવર્તનોને સ્વીકારવાની ફરજ પાડવામાં આવે છે.

'દલિત' શબ્દ અર્થચર્ચા પછી 'દલિત સાહિત્ય'ના ઉદ્‌ભવ માટેના જવાબદાર પરિબળોની ચર્ચા કરી છે. ગુજરાતી દલિત સાહિત્યના ઉદ્‌ભવ માટે મુખ્યત્વે ૧૯૮૧ અને ૧૯૮૫ના અનામત વિરોધી આંદોલનોને મહત્ત્વનું પ્રેરક પરિબળ ગણી શકાય. આ ઉપરાંત વિશ્વની ક્રાંતિઓ, જ્યોતિબા ફુલે, ગાંધીજી અને ડૉ.આંબેડકરની વિચારધારાનો પ્રભાવ, મરાઠી દલિત સાહિત્યનો સંપર્ક, ખામ થીયરી, સામયિકો અને સંસ્થાઓનો ફાળો પણ નાનોસૂનો નથી.

'દલિત' સંજ્ઞાની માફક 'દલિત સાહિત્ય'ની વિદ્વાનોએ આપેલી વિવિધ વ્યાખ્યાઓ તપાસવાનું પણ મારું ધ્યેય રહ્યું છે. ગુરુદયાલસિંહ, પ્રેમકુમાર મણી, પ્રો. ગ્યં.વિ. સરદેશમુખ, કવિ રાજેન્દ્રકુમાર બોદ્ધ, કેશવ મેશ્રામ, કંવલ ભારતી, મેનેજર પાંડેય, દયા પવાર, ભી.ન.વણકર, ડૉ. વાનખેડ અને ડૉ. ધર્મવીર વગેરેના મૌલિક વિચારોમાંથી એક વિશિષ્ટ બાબત ધ્યાનમાં આવી કે દલિત મનુષ્યના જીવનનું માત્ર દલિત લેખકો દ્વારા સ્વાનુભૂતિપૂર્વક થયેલું નિરૂપણ એ જ સાચું દલિત સાહિત્ય છે પરંતુ સાહિત્ય જગતમાં બીજો એક મત પણ પ્રવર્તે છે. દયાનંદ બટોહી, દીપક મહેતા, હરીશ મંગલમ્, નારાયણ સૂર્વે, અજિત ઠાકોર, બાબુરાવ બાગૂલ, ડૉ.રામકૃષ્ણ રાજપૂત, ગો.પુ. દેશપાંડે, કવિ અનિલ ઉર્ફે આ.રા.દેશપાંડે, જયા મહેતા જેવા માને છે કે દલિતેતર લેખકો દ્વારા સમસંવેદના કે સહાનુભૂતિથી સર્જવામાં આવેલ સાહિત્યને પણ દલિત સાહિત્ય કહેવું જોઈએ. હા, સર્જક કોણ છે તે

જોવા કરતાં સાહિત્યિક રચનામાં કયા પાત્રો અને કેવાં સંવેદનો ઝિલાયાં છે તે વધુ મહત્ત્વનું બને છે. સાંપ્રત સમયમાં દલિત સર્જકોએ તો આ ભીંસાયેલી પ્રજાના અવાજને બળવત્તર રીતે સૌ સમક્ષ પહોંચાડવા સાહિત્યના માધ્યમને સ્વીકાર્યું છે. દલિતેતર સર્જકોનો આ વિષયકેન્દ્રી સાહિત્ય રચના પાછળનો આશય જુદો હોય એમ કહી શકીએ. અનુભૂતિની વ્યથા તીવ્રપણે દલિત સર્જકમાં અભિવ્યક્ત થાય તે સ્વાભાવિક છે. માત્ર અનુભૂતિની અકળામણ વ્યકત થાય તેને સાહિત્ય કહી શકાય એમ બને ખરું ? માટે અનુભવવિશ્વ કોઈપણ હોય પરંતુ એ કૃતિ કલાકૃતિના સ્તરે પહોંચે ત્યારે જ સાહિત્યમાં ગણના પામે. આ પ્રકરણમાં મેં ભારતીય દલિત સાહિત્યની આછી ઝલક આપવાનું ઉચિત ગણ્યું છે. ભારતીય દલિત સાહિત્યમાંથી પસાર થતાં વિષય વૈવિધ્ય ધ્યાન ખેંચે છે. જ્યોતિબા ફુલે અને ડૉ.આંબેડકરની ભૂમિ મહારાષ્ટ્ર છે જ્યાં દલિત આંદોલને પ્રબળ વેગ પકડ્યો હતો ત્યાંથી ઘણી દલિત કૃતિઓ પ્રાપ્ત થાય છે. એમાંય મરાઠી દલિત આત્મકથાઓ તો વિશેષ ધ્યાન ખેંચે છે.

ગાંધીયુગ પૂર્વે શોષિત, પીડિત, દલિત વર્ગની સમસ્યાઓ, સંવેદનો, જીવનશૈલી, આશા-અરમાનો વગેરેનું આલેખન ઝાઝું થયું નથી. જેમ સમાજમાં તેમ સાહિત્યમાં પણ આ વર્ગ હાંસિયામાં જ હતો પણ આફ્રિકાથી ગાંધીજીના ભારત આગમન પછી ભારતભરતમાં બદલાયેલા સામાજિક, રાજકીય, ધાર્મિક અને આર્થિક વલણો અને વ્યવહારોને ધ્યાનમાં રાખીએ તો પ્રજા સમસ્તની વિચારસરણીમાં પરિવર્તન જોવા મળે છે જે તત્કાલીન સાહિત્યમાં ઝિલાયું છે. કથાસાહિત્યનો અભ્યાસ તો ખૂબ જ ઊંડાણથી આ શોધનિબંધમાં થયો જ છે પરંતુ અહીં અન્ય સાહિત્ય સ્વરૂપોમાં ઝિલાયેલું દલિત સંવેદન પણ મારે તપાસવું જોઈએ એટલે દલિત કેન્દ્રી કાવ્યો અને એકાંકીની આછી ઝલક પણ મેં આપી છે. ગાંધીયુગમાં ઝવેરચંદ મેઘાણી, સુંદરમ્, ઉમાશંકર જોશી, રા.વિ.પાઠક, કરસનદાસ માણેક, સ્નેહરશ્મિ વગેરેની કેટલીક રચનાઓમાં દલિતો પ્રત્યેનો પ્રેમ, અનુકંપા અને શોષકો પ્રત્યેનો રોષ પ્રગટ થતો જોઈ શકાય છે. કહેવું જોઈએ કે આ યુગમાં દલિત સંવેદનાને વાચા આપતી કવિતાઓના સર્જકો સવર્ણ છે.

૧૯૭૫ પછીના સમયગાળામાં ગુજરાતી સાહિત્યમાં જોરદાર રીતે પડઘાયેલાં આ સંવેદનો કથાસાહિત્ય સિવાયનાં અન્ય સાહિત્ય સ્વરૂપોમાં કેવાં પરિણામો સાથે જોવા મળે છે તે અહીં મારા અભ્યાસનું લક્ષ્ય રહ્યું છે.

'ગુજરાતી દલિત વાર્તાઓનો સમીક્ષાત્મક અભ્યાસ'ના ત્રીજા પ્રકરણમાં મેં દરેક દલિત વાર્તાઓ નો તલસ્પર્શી અભ્યાસ કરવાનો પ્રયાસ કર્યો છે. ગાંધીયુગમાં સમૃદ્ધપણે ખેડાયેલાં સાહિત્યસ્વરૂપોમાં કાવ્યોની જેમ નવલિકાઓમાં દલિત સંવેદના ઝાઝી ઝિલાઈ છે પણ નવલકથાઓમાં ઓછી ઝિલાઈ છે. ઈશ્વર પેટલીકરની વાર્તાઓમાં દલિતવિશ્વ થોડું સઘનતાથી નિરૂપાયેલું જોવા મળે છે તો ઝવેરચંદ મેઘાણીની વાર્તાઓમાં દલિત સમાજજીવનની તાસીર તો ઝિલાઈ છે પરંતુ એ રચનાઓ કલાઘાટ પામતી નથી. મેઘાણીની વાર્તાઓના પ્રસંગો કાલ્પનિક નથી પરંતુ સાચોસાચ બની ગયેલા છે તેથી તેમની વાર્તાઓને દસ્તાવેજનો ટેકો છે. આ સમયગાળાની કેટલીક વાર્તાઓ આર્થિક અસમાનતા પર કેન્દ્રિત થઈ છે.

અનુગાંધીયુગ મુખ્યત્વે કવિતામાં ભલે સૌંદર્યલક્ષીયુગ રહ્યો હોય પરંતુ જયંત ખત્રીની કેટલીક વાર્તાઓમાં સામાજિક વાસ્તવ કળાત્મક બનીને વ્યકત થયું છે. એમની 'ખીચડી' વાર્તા દલિત સંવેદન અને નારી સંવેદન ઉપરાંત કૌટુંબિક અને આર્થિક વિષમતાઓને તાર સ્વરે નવાં જ પરિમાણો રચીને ઉઘાડી આપે છે.

૧૯૭૫ થી ૨૦૦૬ સુધી દલિત સર્જકો દ્વારા લખાયેલ દલિત વાર્તાઓનો અભ્યાસ કરતાં કરતાં એક જ સર્જકની બધી દલિત વાર્તાઓને એક સાથે મૂકવાને બદલે શોષણના વિવિધ પ્રકારોના અભિગમથી તપાસવાનું મને વધારે ઉચિત લાગ્યું છે.

બી.કેશરશિવમ્ સંખ્યાની દષ્ટિએ સૌથી વધારે દલિત વાર્તાઓ લખી છે. જેમાં નારીસંવેદનને પ્રાધાન્ય આપ્યું છે. શિક્ષિત અને શહેરી દલિતોના પ્રશ્નોને પણ એમણે કયાંક કયાંક સ્પર્શ કર્યો છે પરંતુ એમના વ્યાપને જોતાં એક વિધાન કરવું પડે કે દરેક વાર્તા અભિધાના સ્તરે આલેખન પામતી હોવાથી વાચક એમ અનુભવે છે કે સર્જકને ઘણી મથામણ કરવા છતાં વાર્તાક્ષણ જડતી નથી. આશ્ચર્ય તો એ વાતનું થાય છે કે તેમની 'ક્રીમીલેયર', 'રામની મૂર્તિ', 'ચામડી ઘસવાની વેદના' વગેરે વાર્તાઓ તો તેમની નવલકથાના જ અંશો છે.

મૌલિક બોરીજા, અમૃત મકવાણા, વિઠ્ઠલ શ્રીમાળી પાસેથી પણ એક-એક વાર્તાસંગ્રહ પ્રાપ્ત થાય છે. આ ત્રણે સર્જકોની મોટા ભાગની વાર્તાઓ ઘટના બનીને રહી જાય છે. જોસેફ મેકવાન જેવા સર્જક પાસેથી પણ કલાત્મક દલિત વાર્તા મળતી નથી ! એકમાત્ર દલિત સ્ત્રી વાર્તાકાર ચંદ્રાબહેન શ્રીમાળી છે માટે ઐતિહાસિક દષ્ટિએ એમની નોંધ લેવી ઘટે પરંતુ સત્ત્વ અને અભિવ્યકિતના વિશેષો કયાંય નજરે ચઢતા નથી માટે વાર્તાકલાના માપદંડે એમની વાર્તાઓ ઊણી ઊતરે છે.

દલપત ચૌહાણ, મોહન પરમાર, હરીશ મંગલમ્, ધરમાભાઈ શ્રીમાળી, માવજી મહેશ્વરી, દશરથ પરમાર વગેરેની વાર્તાઓમાં ગ્રામ્ય દલિત સમાજની સંવેદના અને સમસ્યાઓનું મોટા ભાગે તો સંકુલ અને સંયત આલેખન જોવા મળે છે. આ વાર્તાકારોએ સન્નિધિકરણ, સમાન્તરીકરણ, પીઠઝબકાર વગેરે પ્રયુકિતઓ ખપમાં લીધી છે, પાત્રોના મનોવ્યાપારોને સૂક્ષ્મતા-સંકુલતાઓના તમામ પરિમાણો સાથે નિરૂપવાની વાર્તાકળા આ સર્જકોને હસ્તગત છે એમ લાગે છે. કરુણને ઘૂંટવાની કુશળતા પણ આ વાર્તાકારો પાસે જોવા મળે છે. જૂજ વાર્તાઓમાં દલિત સમાજના આંતર મતભેદો નિરૂપાયેલા જોવા મળે છે. 'કોહ','થળી', 'હિરવણું', 'ઝોળ','ઊંટાટિયો' જેવી વાર્તાઓમાં પ્રતીક આયોજન રસાઈને આવતું અનુભવાય છે બાકી 'પગ', 'મંકોડો', 'ગીધાનુંભૂતિ','તરસ', 'અધુરોપુલ', 'રખોપાના સાપ' વાર્તાઓમાં પ્રતીકનો વિનિયોગ સફળતાપૂર્વક થયો નથી એમ લાગે છે. પ્રતીક કાંઈ લટકણિયું નથી, નવલિકાના મુખ્ય પ્રવાહમાં એ સાહજિકતાથી ગૂંથાઈને આવે તો જ વાર્તા સાહિત્યિક ગુણવત્તા ધારણ કરે.

પોતાના સમાજનું સાહિત્યમાં પ્રતિબિંબ ઝીલવું, સમાજની વ્યથાને ઉપસાવવી, અન્ય સમાજ દલિત સમાજની વેદનાને પણ સમજે એવી જવાબદારીથી સર્જન કરવું એવું દલિત

વાર્તાકારો માને છે. દલિત સર્જકોમાં આરંભથી જ સાહિત્યના સૌંદર્યલક્ષી પ્રયોજનો કરતાં સામાજિક ઉત્તરદાયિત્વ પર સભાન ઝોક રહ્યો છે. વાર્તા કે સાહિત્ય દ્વારા એમનું પ્રયોજન વર્ણાશ્રમ પ્રથા, અસ્પૃશ્યતા સામે ઘૃણા પ્રગટાવવાનું વિશેષ રહ્યું હોવાથી એમના અંતરમાં થતી બળતરા અણછતી રહેતી નથી અને એટલે જ વાર્તાકલાના માપદંડે જોતાં મોટાભાગની વાર્તાઓ ઘટનાસ્તરે અટકી જાય છે.

બિનદલિત સર્જકો પાસેથી પ્રમાણમાં ખૂબ જ ઓછી દલિત વાર્તાઓ મળી છે. આશ્ચર્યની વાત એ છે કે ગુજરાતી સાહિત્યમાં જેને સંપૂર્ણપણે દલિત વાર્તાસંગ્રહ કહી શકાય તેવો પ્રથમ વાર્તાસંગ્રહ 'અંતરવ્યથા'(૧૯૯૬) પ્રવીણ ગઢવી જેવા બિનદલિતની કલમે મળે છે! 'પ્રવેશ'(માય ડિયર જયુ), 'બોટેલી વશ' (ડૉ. કેશુભાઈ દેસાઈ) 'તાળો' (ભરત મહેતા) વગેરે સવર્ણના કથનકેન્દ્ર દ્વારા દલિત સંવેદનને વ્યકત કરતી નોંધપાત્ર વાર્તાઓ છે. નાઝીર મન્સુરીની 'ઝરખ' વાર્તામાં દરિયાઈ પરિવેશ સુપેરે ઝિલાયો છે. અન્ય દલિત વાર્તાઓ કરતાં પરિવેશની દૃષ્ટિએ આ વાર્તા જુદી પડે છે પણ બોલી અને પરિવેશ અરૂઢ હોવાથી વાર્તા પૂરી કરતાં તો હાંફી જવાય છે.

'ગુજરાતી દલિત નવલકથાઓનો સમીક્ષાત્મક અભ્યાસ'ના ચોથા પ્રકરણમા ગાંધીયુગની નવલકથાઓમાં ઈશ્વર પેટલીકરની 'કલ્પવૃક્ષ' એકમાત્ર દલિત સમસ્યા કેન્દ્રી કૃતિ છે બાકી ર.વ.દેસાઈ, મેઘાણી વગેરે જેવા દલિતેતર સર્જકોની રચનાઓમાં દલિત સમસ્યા ગૌણરૂપે વર્ણવાઈ છે. એમાં દલિતોદ્ધાર કે ગ્રામોદ્ધારનું સર્જકનું લક્ષ્ય સ્પષ્ટપણે જોઈ શકાય છે એમ મેં તારવ્યું છે.

દલિત સર્જકો લિખિત નવલકથાઓમાં નિરૂપતિ વાતાવરણ મહદઅંશે આઝાદી મળ્યા પહેલાનું છે. પ્રથમ દલિત નવલકથા તરીકે પ્રચલિત 'આંગળિયાત' માં ખેડાના વણકરો તરફનો સવર્ણોનો દ્વેષ પરાકાષ્ઠાએ દર્શાવાયો છે એ વાત પણ મેં નોંધી છે. મોહન પરમારની 'નેળિયું'માં સ્મૃતિ ગુમાવી ચૂકેલા શિક્ષિત નાયકની વ્યથા તો વર્ણવાઈ છે પરંતુ લેખક નાયકની સ્મૃતિભ્રંશ અવસ્થાની અસરકારક માવજત કરી શકયા નથી. 'પ્રિયતમા'માં એમણે માત્ર દલિત સમાજની આંતરિક કલહની ઘટનાને પ્રાધાન્ય આપ્યું છે. દલિત સ્ત્રી લેખિકાઓમાં દક્ષા દામોદર પાસેથી ઐતિહાસિક વસ્તુવાળી 'શોષ' નવલકથા મળે છે જેમાં સંપૂર્ણ દલિત સમાજ વર્ણવાયો નથી પણ નારી સંવેદના વેધક રીતે આલેખાઈ છે. કચ્છી બોલી અને એનો પરિવેશ ધ્યાનંપાત્ર છે. 'વરાળ' (રામચંદ્ર પટેલ), 'ચોકી' (હરીશ મંગલમ્), 'મશારી' (કિશોરસિંહ સોલંકી), 'ઇચ્છાવર' (રઘુવીર ચૌધરી), 'નેળિયું', 'પ્રિયતમા' (મોહન પરમાર) વગેરે નવલકથાઓમાં સમાજજીવનની નક્કર સઘન વાસ્તવિકતાના સ્થાને આભાસી વાસ્તવ રજૂ થયું છે પણ દલપત ચૌહાણ લિખિત 'મલક', 'ગીધ', 'ભળભાંખળું', જયંત ગાડીતની 'બદલાતી ક્ષિતિજ' અને હરીશ મંગલમ્‌ની 'તિરાડ'માં દલિતવિશ્વ કલાત્મક રીતે નિરૂપણ પામ્યું છે. કેટલીક બીજી રચનાઓમાં દલિતવિશ્વ તો છે જ પણ સાદ્યંત કલાઘાટ જોવા મળતો નથી. સંઘેડાઉતાર નવલકથા ઓછી પ્રાપ્ત થાય છે. આની તપાસમાં ઉતરીએ તો એમ નોંધવું પડે કે દલિત સર્જકોની પ્રતિબદ્ધતા અને કંઈક અંશે અંતરમાં ભંડારાયેલી ગૂંગળામણ વ્યકત કરવા જતાં સર્જક કલાના તત્ત્વથી દૂર ખસી જતો હશે.

કોઈક કૃતિમાં દલિત સંવેદનાઓ ઘૂંટાઈ ઘૂંટાઈને વ્યકત થઈ છે તો કોઈકમાં આછાપાતળા ઉલ્લેખો સાથે પાત્રો ખેંચાતાં લાગે છે. કોઈકમાં વ્યથા, આક્રોશ કે બદલાની ભાવના હદ પાર કરી જતી લાગે છે તો કોઈકમાં સમરસતાભર્યું વાતાવરણ પણ સર્જાતું અનુભવાય છે. અહીં એવા તારણ પર આવવું પડે કે સર્જક ગમે તે જ્ઞાતિ, જાતિ કે વર્ગના હોય પરંતુ કૃતિલક્ષી અભ્યાસ કરતાં કલાની માવજત કરવાનો સર્જકનો અભિગમ વધુ મહત્ત્વનો ગણાવો જોઈએ અને તેથી જ એ દૃષ્ટિએ સઘળા ગુજરાતી દલિત કથાસાહિત્યની કૃતિઓની તપાસ કરતાં ઘણી ઓછી નવલિકાઓ અને નવલકથાઓ ઉપલબ્ધ થાય છે. મને એમ લાગે છે કે દલિત સંવેદનાને યથાતથ નિરૂપતી સ્વરૂપગત લાક્ષણિકતાઓ જાળવીને સાહિત્યિક ગુણવત્તા સભર સર્જન કૃતિઓ આગંળીને વેઢે ગણાય તેટલી છે.

ગાંધીયુગમાં આપણો સર્જક હજુ દલિત વર્ગમાંથી આવતો નહોતો તેથી એ ગમે તેટલું સમસંવેદન દલિત સાથે ધરાવતો હોય પણ એ દૂરથી જોવાયેલું વિશ્વ હતું. ગાંધીયુગના સાહિત્યમાં દલિત સમાજની મર્યાદિત સંવેદનાઓને વાચા મળેલી છે જ્યારે દલિત સાહિત્યકારો એ સમાજમાંથી આવતા થયા ત્યારે સંવેદનાના અનેક અંધારિયા ખૂણા ઉલેચાવા માંડ્યા અને વાસ્તવની આસપાસ કચડાતા શ્વાસ, કયા ધબકારા ચૂકી જાય છે તેને સમાજ પ્રત્યક્ષ મૂકી આપવાના સર્જકોએ પ્રયત્નો આરંભ્યા. બોલી, લહેકા, લઢણ, પહેરવેશ, ખાણીપીણી, રિવાજો, શ્રધ્ધા- અંધશ્રધ્ધાઓ, માન્યતાઓ, મહોલ્લાઓ, વાસ, વ્યવસાયો વગેરેનું વર્ષોથી ઉવેખાયેલું વિશ્વ દલિત સર્જકોની રચનાઓમાં પ્રગટ થવા લાગ્યું. મરેલા પશુના માંસને ચીરવાની, પકવવાની, ખાવાની પ્રક્રિયાઓના વર્ણનોથી બિનદલિત વાચકને અરૂચિ થાય, જુગુપ્સા થાય; ગાળોના પ્રયોગથી અશ્લીલ, બિભત્સ રસ નિષ્પન્ન થાય પણ સર્જકોનો આશય તો પોતાના સમાજના નારકીય વાસ્તવને બતાવવાનો છે.

જયંત ગાડીતની 'બદલાતી ક્ષિતિજ', બી. કેશરશિવમ્‌ની 'શૂળ', 'મૂળ અને ધૂળ' અને ડૉ. પ્રદીપ પંડયાની 'મંઝિલ હજુ દૂર છે' જેવી રચનાઓમાં શહેરી દલિત સમાજ નિરૂપણ પામ્યો છે તે સિવાય મોટા ભાગની કૃતિઓમાં ગામડું જ કેન્દ્રમાં છે. આનો અર્થ એવો કઢાય કે દલિતો ગામડામાં જ વસે છે? એમ તો નહીં પણ છેલ્લા પચાસેક વર્ષમાં શહેરનો દલિત સમાજ જેટલો જાગૃત થવા પ્રયત્નો કરે છે એટલો કદાચ ગ્રામ્ય સમાજ કરતો નથી. આ પરિવર્તનની પ્રક્રિયાને શી રીતે મૂલવીએ? ગામડાં તૂટીને શહેર તરફનો લોકોનો ધસારો, વળી બીજા જ પ્રશ્નો ઊભા કરે છે. શહેરમાં તો ઝૂંપડાં વસતાં જાય અને શહેર લંબાતું જાય એ સાંપ્રત પ્રશ્ન આજે ઘણો વિકટ ગણી શકાય પણ શહેરી દલિત કરતાં ગ્રામ્ય દલિતની સમસ્યાઓ જ સર્જકો દ્વારા વધુ અવાજ પામી છે.

દલિત સ્ત્રીઓનું બેવડું શોષણ થાય છે એ પણ સુવિદિત છે. સવર્ણ સમાજ દ્વારા થતાં સ્ત્રીઓના શોષણ વિશે તો અનેક રચનાઓ મળે છે પણ દલિત સમાજ દ્વારા થતું દલિત સ્ત્રીનું શોષણ ઝાઝી અભિવ્યક્તિ પામ્યું નથી.

ગુજરાતી સાહિત્યમાં લેખિકાઓના પ્રદાનની માત્રા ઘણી ઓછી છે અને તેમાં દલિત

લેખિકા તો શોધી જડે તેમ નથી. જ્યાં શિક્ષણ જ નહીં ત્યાં સર્જન ક્યાંથી હોય? આશા રાખીએ કે આ આવતા પચ્ચીસ વર્ષોમાં કોઈ દલિત નારી મ્હોં ખોલે અને એની વ્યથાકથા લખે તો આ બંને વિદ્રોહાત્મક સૂર ભેગા મળીને કેવો તરખાટ મચાવે એ તો આવે ત્યારે સમજાય.

આટલી મોટી સંખ્યામાં કથાસાહિત્યની કૃતિઓમાંથી પસાર થતાં અનુભવાયું કે શું દલિત સમાજમાં આનંદની કે ખુશીઓની બાદબાકી જ છે? 'માજા વેલાનું મૃત્યું' ની જેમ એ સમાજ પણ હસી-ખુસીને વાર-તહેવાર, વિવિધ પ્રસંગો ઉજવી એમાંથી આનંદ લૂટતો જ હોય ને! દલિત સર્જકોએ એમના સમાજ જીવનના આ હકારાત્મક પાસાને કેમ ઉજાગર નહીં કર્યું હોય! આક્રોશ વ્યકત કરવામાં અને ઉપેક્ષાપાત્ર બન્યા હોવાની લાગણીની અભિવ્યક્તિના અતિરેકમાં આ જમા પાસું કેમ ભૂલાઈ ગયું? ક્યાંક તો એ સંવેદન ઝીલાયું હોત ! પણ 'આંગળિયાત', 'ઇચ્છાવર' અને 'અંધારું' જેવી કૃતિઓમાં પણ એ સમાજમાં પ્રસરતું હાસ્ય ક્યાંય નજરે પડતું નથી. 'કાળો અંગ્રેજ', 'મલક', 'ચોકી', 'નેળિયું' વગેરે નવલકથાઓનાં કેટલાક પ્રસંગોમાં હાસ્ય છે.

આજે સમાજમાં ૨ થી ૩% દલિતો શિક્ષિત બન્યા છે ત્યારે એમનામાં નવો બ્રાહ્મણવાદ ન પ્રવેશે તે જરૂરી છે. એમણે બાકી રહી ગયેલા હિમશીલાના મોટા ખંડ જેવા ૯૭% નિરક્ષર, જમીન વિનાના ખેત મજૂર જેવા દલિતોના પ્રશ્ને લડત આપવી જોઈએ. સર્જકોએ વ્યંગથી આવા નવબ્રાહ્મણવાદી દલિતોને ફટકારવામાં સંકોચ રાખવો જોઈએ નહીં. 'મિથ્યાભિમાન' (દલપતરામ) અને 'ભદ્રંભદ્ર' (રમણભાઈ નીલકંઠ) જેવી બે કૃતિઓના લેખકો બ્રાહ્મણ સમાજમાંથી જ આવતા હતા અને તેમ છતાં બ્રાહ્મણ સમાજની મર્યાદાઓને સહેજ પણ અચકાયા વિના આલેખવામાં એમણે સંકોચ અનુભવ્યો નથી. ખાસ કરીને ભારતીય સાહિત્યની વાર્તાઓમાં આ નવબ્રાહ્મણવાદને પડકારતી રચનાઓ જોવા મળે છે જેનો ગુજરાતી કથાસાહિત્યમાં અભાવ જોવા મળે છે. કારણ કે આપણી આસપાસ વાસ્તુશાસ્ત્ર, ક્રિયાકાંડ, જ્યોતિષ જેવી બીજી અનેક અંધશ્રદ્ધાઓમાંથી બહાર નીકળવાને બદલે નવશિક્ષિત દલિત ઘણીવાર તો સવાયો બ્રાહ્મણ બનીને આ બધુ કરતો નજરે પડે છે. સવર્ણ સમાજમાં ભળી જવાની એની આ તત્પરતા સમાધાનકારી, પ્રતિક્રિયાશીલ બાબત છે. જેનો ગુજરાતી સર્જકોએ પોતાની રચનામાં પર્દાફાશ કરવો જોઈએ.

ધર્મસત્તા જે વર્ણાશ્રમપ્રથાનું મૂળ છે એને દલિત સાહિત્ય હજુ બરાબર પડકારી શક્યું નથી. જે વ્યવસ્થાએ દલિતોને હેરાન કર્યા છે એ વ્યવસ્થામાં પ્રવેશવાની લાલચ શા માટે? તેનો વિરોધ કેમ ન કરવો? હજી તેને ભજનિક બનવું છે, વાયક બનવું છે, ધજા ચડાવવી છે, પાટ બેસાડવો છે, ચાંદલો ચોડીને બ્રાહ્મણ થવું છે. આવી મહત્ત્વાકાંક્ષા દલિત વ્યક્તિએ શા માટે રાખવી? પોતાનું સત્ત્વ અને સ્વત્વ જાળવીને ઊંચા શિખરો સર કરવામાં શા માટે પાછા પડવું? આ સમાજલક્ષી વાત થઈ પરંતુ દલિત સાહિત્યને લાગેવળગે છે ત્યાં સુધી એમ કહેવું જોઈએ કે યાતના, વેદના અને બેચેનીનો આવિષ્કાર એ એની ઓળખ છે.